# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી - 110001

ટેલ . નં : 23005700 ; ફેક્સ: 23005787

***ભાજપના સાંસદ અને રાજ્ય સભાના વિરોધ પક્ષના નાયબ નેતા શ્રી રવિ શંકર પ્રસાદનું નિવેદન***

# સરકારે સર્જેલી સમસ્યાઓનો કોઈ જવાબ ન હોવાથી રાહુલ ગાંધી ખોટા ઈતિહાસનો આશ્રય લઈ રહ્યા છે

વર્ષ 2014ની ચૂંટણી વધતી જતી બેરોજગારી, 4.7 % ના તળિયે ગયેલો દેશનો વિકાસદર, બેફામ બનેલો ભાવ વધારો, વધી ગયેલો ભ્રષ્ટાચાર, જાહેર નાણાંની લૂંટ, દેશમાં અસુરક્ષાની ભાવના વગેરે મુદ્દાઓ પર લડવામાં આવી રહી છે. તેના કારણે દેશમાં નિરાશાનું વાતાવરણ છવાયું છે. ભારતના ઈમેજ ખરડાઈ છે જે આપણા દેશ માટે કમનસીબી છે. સમગ્ર ભારતના લોકો હવે તેમાં સંપૂર્ણપણે ફેરફારની માટે આશા રાખે છે. રાહુલ ગાંધી આ તમામ સમસ્યાઓનો જવાબ આપી શકે તેમ ન હોવાથી દેશનું ધ્યાન અન્યત્ર વાળવા સંપૂર્ણપણે ખોટા અને તોફાની આક્ષેપ કરી રહ્યા છે, જેમાં મહાત્મા ગાંધીની હત્યામાં આરએસએસ સામેલગીરી હોવાનું તેમણે નિવેદન કર્યું છે. તેથી, ન્યાયમૂર્તિ કપૂર કમિશન સહિતના ઘણા પંચે સ્પષ્ટ રીતે આપેલા તારણોમાં તેનો આધાર મળે છે. શ્રી રાહુલ ગાંધીને ન તો ઈતિહાસની સમજ છે કે ન તો તેમણે ભાષણ માટે હોમવર્ક કર્યું છે.

મહાત્મા ગાંધીના પૌત્ર શ્રી રાજ મોહન ગાંધીએ "સરદાર પટેલ - એક જીવન" આ જીવનચરિત્ર લખ્યું છે. આ પુસ્તકના પાના-472 પર લેખકે નીચે મુજબ નોંધ કરી છે, જે જવાહર લાલ નહેરુ માટે સરદાર પટેલ દ્વારા લખવામાં તા.27.02.1948ના પત્ર પર આધારિત છે :

"સરદાર  પટેલ નેહરુને સંબોધીને, તા.27.2.48 : હું બાપુ હત્યા કેસ સંબંધિત તપાસમાં પ્રગતિ બાબતે રોજેરોજ જાતે જ સંપર્કમાં રહ્યો છું. મેં સંજીવી (ગુપ્તચરતંત્રના વડા અને દિલ્હી પોલીસના આઈજી) સાથે તે દિવસે ચર્ચા કરી હતી.

તેમણે તમામ આરોપીઓના લંબાણપૂર્વકના અને સવિસ્તર નિવેદન નોંધ્યા હતા. આરોપીઓના નિવેદનો પરથી સ્પષ્ટપણે એમ કહી શકાય કે આરએસએસ હત્યામાં સામેલ ન હતું. તે ષડયંત્ર હિન્દૂ મહાસભાની એક કટ્ટર પાંખનું હતું."

સરદાર પટેલે સ્પષ્ટ રીતે કહેલું કે આરએસએસની હત્યામાં કોઈ સંડોવણી ન હતી અને તેમનું નિવેદન પોલીસ તપાસ પર આધારિત હતું. દેખીતી રીતે કોંગ્રેસ આગામી ચૂંટણીમાં ભયાવહ અને નિરુત્સાહ જણાય છે, જેથી એક પરાજયની પછડાટ અગાઉ આવું જૂઠાણું ફેલાવે છે.

શા માટે જવાહરલાલ નહેરુ - ઈન્દિરા ગાંધીના લાંબા શાસનકાળમાં સરદાર પટેલ અને મૌલાના આઝાદને ભારત રત્ન એવોર્ડ પ્રદાન કરવામાં ન આવ્યો ?

રાહુલ ગાંધી અને કોંગ્રેસ દ્વારા ખોટો ઈતિહાસ ઊભો કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ પાર્ટી અને તેના નેતાઓએ ખાસ કરીને રાહુલ ગાંધીને આ બાબતે યોગ્ય સવાલ પૂછવાનો સમય પાકી ગયો છે. સરદાર પટેલ અને મૌલાના આઝાદ બંનેએ દેશ માટે તેમના જીવન સમર્પિત કરી દીધા હતા. તેઓ ભારત રત્ન મેળવવા સંપૂર્ણપણે યોગ્ય હતા. મૌલાના આઝાદ વર્ષ 1959માં જ્યારે સરદાર પટેલ વર્ષ 1950માં મૃત્યુ પામ્યા હતા. જવાહર લાલ નહેરુએ 16 વર્ષ અને ઈન્દિરા ગાંધીએ 5 વર્ષ શાસન કર્યું. રાજીવ ગાંધી 17 વર્ષ માટે વડા પ્રધાનપદે રહ્યા. આ 38 વર્ષના લાંબા સમયગાળા દરમિયાન શ્રી નહેરુ અને ઈન્દિરા ગાંધી સહિત ઘણા રાષ્ટ્રીય નેતાઓને ભારત રત્ન આપવામાં આવ્યા.

જો કે, દેશમાં બે મહાન ભારતીયો - સરદાર પટેલ અને મૌલાના આઝાદને - શ્રી નરસિંહ રાવ સરકારે ભારત રત્ન આપ્યો હતો. શ્રી રાવ એવા એકમાત્ર કોંગ્રસી વડાપ્રધાન હતા કે જેઓ નહેરુ-ગાંધી પરિવાર બહારના હતા અને ભાગ્યે જ પણ કોંગ્રેસ પક્ષ દ્વારા તેમના વિશે વાત કરવામાં આવે છે. સરદાર પટેલ અને મૌલાના આઝાદ સાથે કેમ ભેદભાવ કરવામાં આવ્યો તે બાબતે ભાજપ શ્રી રાહુલ ગાંધી પાસે જવાબ માંગે છે? દેખીતી રીતે આજે કોંગ્રેસ પક્ષમાં ગૌરવ અને આદર માત્ર એક જ પરિવારને મળે છે.

(અરુણ કુમાર જૈન)

કાર્યાલય મંત્રી